**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૪/૦૧/૨૦૧૬ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી ૧૩૮૬ લીટર દેશી દારૂ, ૫૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૯,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૯/૧૬**

**કૃષ્ણનગરઃ** સુજીત હંસરાજભાઇ પંચાલ (રહે.વિક્રમ આદિત્ય બજરંગ આશ્રમ પાસે ઠક્કર નગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧/૧૬ રાતના ૮/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૧૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

**પાલડી :** અજયભાઇ મનુભાઇ કાપડિયા (રહે.તુલસીપુજા એપાર્ટમેન્ટ, વસંતકુંજ સોસાયટી, શારદા મંદિર રોડ, પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧/૧૬ ના કલાક ૧૨/૧૦ થી બપોરનાં ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદિનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮,૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જી.ગોહીલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૦/૧૬**

**કૃષ્ણનગરઃ** પ્રમોદ બંસીભાઇ બડગુજર (રહે.પાશ્ર્વનાથ ટાઉનશીપ, નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧/૧૬ રાતના ૦૦/૦૦ થી સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાંથી અજાણી વ્યક્તિ ત્રણ મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તેમજ પડોશમાં રહેતાં પ્રદિપસિંહ રાજ્પુતનાં ઘરમાંથી એક મોબાઇલ ફોન તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નારણપુરાઃ** રોમેલભાઈ પ્રકાશભાઈ બાવડા (રહે. ગણસે બંગલોઝ આર.સી. ટેકનિકલ રોડ ઘાટલોડીયા) એ તા.૨૩/૧/૧૬ બપોરના ૪/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન નારણપુરા ડી.કે.પેટલની પાછળની ગલીમાં પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ ગાડીમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને જરૂરી કાગળો સાથેની બેગ ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ રોમેલ બાવડાએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ પરબતસિંહ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૧/૧૬</u>**

**ખોખરા :** સુરેશભાઇ બાબુભાઇ પટેલ (રહે.અમરદિપ સોસાયટી, ગાયત્રી મંદિર સામે, ગોરનો કુવો, ખોખરા) એ તા.૧૬/૧/૧૬ રાતનાં ૯/૩૦ વાગે સેવન ડે સ્કુલની સામે, મહાસાગર એપાર્ટમેન્ટ હરેશકુમાર એન્ટરપ્રાઇઝ નામની દુકાન આગળ પોતાની મારૂતી અલ્ટો કાર નંબર જીજે.૦૧.એચ.એલ.૬૩૯૮ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૧/૧૬ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સુરેશભાઇ પટેલે તા.૨૩/૧/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.જે.દેસાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨/૧૬</u>**

**ચાંદખેડા :** યોગેશભાઇ ભાઇલાલભાઇ રાવળ (ઉ.વ.૨૮)(રહે.ફુલસ્ટોપ સોસાયટી, ચાંદખેડા) એ તા.૨૨/૧/૧૬ સાંજનાં ૭/૩૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે ખેસ વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ ભગવાન રાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)